**ગુજરાત વિદ્યુત નિયમન આયોગ, છઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ની સમક્ષ**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**જાહેર વિજ્ઞપ્તિ**

નીચેના સંદર્ભમાં:

ઉપરોક્ત અરજદાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વીસનગર રોડ, મહેસાણા–૩૮૪૦૦૧ દ્વારા કેઇસ નં. ૧૭૫૯/૨૦૧૮ થકી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુ-અપ, વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ ની વાર્ષિક રાજસ્વની જરૂરીયાતની વચગાળાની સમીક્ષા તથા વર્ષ ૨૦૧૯-૨૦ માટે વીજદર નક્કી કરવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (બહુવર્ષીય ટેરીફ) વિનિયમનો ૨૦૧૬ અંતર્ગત કરેલ છે.

**અરજદાર**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વીસનગર રોડ, મહેસાણા એ રાજયના ઉત્તર ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**દરખાસ્ત**

કંપની દ્વારા બહુવર્ષિય વીજદર નિયમનો હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના ટ્રુ-અપ, વર્ષ ૨૦૧૯-૨૦ તથા વર્ષ ૨૦૨૦-૨૧ ની વાર્ષિક રાજસ્વની જરૂરીયાતની વચગાળાની સમીક્ષા તથા વર્ષ ૨૦૧૯-૨૦ ના વીજદર નક્કી કરવાની દરખાસ્ત કરેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે હૈયાત વીજદરમાં કોઇ ફેરફાર સૂચવેલ નથી. વર્ષ ૨૦૧૯-૨૦ ની આવક અંદાજવા માટે એફપીપીપીએ નો બેઝ રેટ રૂા.૧.૬૩ પ્રતિ યુનિટ આકારવા સૂચવેલ છે.

**સૂચનો / વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા:**

ઉપરોક્ત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામુ ૨૦૦૪ ની જોગવઇની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોક્ત દરખાસ્ત પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તારીખ ૦૭.૦૧.૨૦૧૯ સુધીમાં પ્રમાણીત મુસદા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાના રહેશે.તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે. સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે અને તેઓ રૂબરૂ રજૂઆત કરવા ઇચ્છે છે કે કેમ તે દર્શાવવાનુ રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે:**

ઉપરોક્ત દરખાસ્તની નકલો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વીસનગર રોડ, મહેસાણાની વડી કચેરીમાંથી મુખ્ય ઇજનેર પાસેથી અથવા તો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરીમાં રૂા ૨૪૦/- (રૂા બસ્સો ચાલીસ પુરા ) પ્રતિ નકલ ભરપાઇ કરવાથી મળી શકશે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા.૫૦/- (રૂા. પચાસ પુરા ) વધારાના સહિતની રકમ ડીમાન્ડ ડ્રાફટથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે.

ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબ સાઇટ www.guvnl.com તથા www.ugvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

તારીખ : ૦૮.૧૨.૨૦૧૮ (સ્વરુપ પી.) IAS

સ્થળ: મહેસાણા એમ.ડી.(યુજીવીસીએલ)